Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

વિનયન વિદ્યાશાખા હેઠળની સંસ્કૃત વિષયના અનુસ્નાતક અભ્યાસક્રમનું કેન્દ્ર ચલાવતી તમામ સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ થી અમલમાં આવનાર એમ.એ. સેમેસ્ટર –૧ અને ૩ નો અભ્યાસક્રમ અંગે સંસ્કૃત વિષયની અભ્યાસસમિતિની તા.૧૭/૦૭/૨૦૧૮ ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે કરેલ નીચેની ભલામણ વિનયન વિદ્યાશાખાની તા.૨૫/૦૪/૨૦૧૯ ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૭ અન્વયે સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલએ તેની તા.૦૭/૦૬/૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંક:૭૦ અન્વયે સ્વીકારી મંજૂર કરેલ છે. તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદ્ઉપરાંત તેનો અમલ કરવો.

## સંસ્કૃત વિષયનીઅભ્યાસસમિતિની તા.૧૭/૦૭/૨૦૧૮ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ થી અમલમાં આવતો એમ.એ. સેમેસ્ટર–૧ અને ૩ નો અભ્યાસક્રમ જરૂરી સુધારા વધારા સાથે સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે અને તે મંજૂર કરવા વિનયનવિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

## વિનયન વિદ્યાશાખાની તા.૨૫/૦૪/૨૦૧૯ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૭

:: આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્કૃત વિષયનીઅભ્યાસસમિતિની તા.૧૭/૦૭/૨૦૧૮ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩અન્વયે કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

## એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૬/૨૦૧૯ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૭૦

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨૫/૦૪/૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૭ અન્વયે ભલામણ કરેલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ થી અમલમાં આવનાર સંસ્કૃત વિષયનો એમ.એ. સેમેસ્ટર–૧ અને ૩ નો અભ્યાસક્રમ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ

ક્રમાંક : એકે./પરિપત્ર/૧૦૩૮૦/૧૯
તા. ૨૧–૦૬–૨૦૧૯

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,

૧) વિનયન વિદ્યાશાખા હેઠળની તમામ સંલગ્ન સંસ્કૃત વિષયના અનુસ્નાતક અભ્યાસક્રમનું કેન્દ્ર ચલાવતી તમામ સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ.
૨) અધ્યક્ષશ્રી, વિનયન વિદ્યાશાખા
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

.....તરફ જાણ તેમજ અમલ સારૂ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લારોડ,સુરત ૩૯૫૦૦૭
એમ. એ. સંસ્કૃત રેગ્યુલર
CBCS પ્રમાણેનો
સેમિસ્ટર ૧ અને ૩ નો અભ્યાસક્રમ (પાઠયક્રમ)
(શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ ૨૦૨૦ થી અમલમાં)

M.A. Sem-I

CCT- 01 Credit-04
Core Course Total Marks - 50

Paper -1

Sanskrit Classical Literature (Mahakavya)
સંસ્કૃત લલિત સાહિત્ય મહાકાવ્ય

**નિર્ધારિત કૃતિ નૈષધચરિતમ્ સર્ગ ૧ નિયતાંશ**

**ઉદ્દેશ:** સંસ્કૃત મહાકાવ્યોની વિશેષતાઓ વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવી. મઝાકાવ્યમાં વ્યકત પ્રસ્તુત સાહિત્યિક તત્ત્વોનું અન્વેષણ કરતાં વિદ્યાર્થીને શીખવવું અને સાહિત્યના રસાસ્વાદની પદ્ધતિ શીખવવાનો ઉદ્દેશ્ય છે.

Unit-I શ્રી હર્ષ કવિ પરિચય,જીવન, કૃતિઓ,સંસ્કૃત કાવ્ય સ્વરૂપ, પરિચય અને કૃતિલક્ષી મૂલ્યાંકન (૧૩)

Unit-II નૈષધચરિત શ્લોક ૧ થી ૪૮ (૧૨)

Unit-III નૈષધચરિત શ્લોક ૪૯ થી ૯૬ (૧૩)

Unit-IV શ્લોક ૯૭ થી ૧૪૫ (૧૨)

**અભ્યાસક્રમના મુદ્દાઓ:** મહાકાવ્યની ઉત્પત્તિ અને વિકાસ ,પદ્યકાવ્યના પ્રકારો, મહાકાવ્યના લક્ષણો,નૈષધચરિતનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન, કૃતિઓની સાહિત્યિક વિશેષતાઓ કૃતિનું સર્વાંગી વિવેચન શ્રીહર્ષ ની કવિગત વિશેષતા તથા સંસ્કૃત મહાકાવ્યક્ષેત્રે પ્રદાન, કૃતિલક્ષી વિવેચન

**સંદર્ભગ્રંથો:**

૧. નૈષધચરિતમ્ આચાર્ય શેષરાજરેગ્મી, ચૌખમ્બા, વારાણસી

૨.સંસ્કૃત મહાકાવ્ય કી પરંપરા કેશવરામ મૂસલગાંવકર

૩. નૈષધપરિશીલન ડૉ. ચંડિકાપ્રસાદ શુકલ.

4. Indian Kavya Literature A. K. Warder, Delhi

5.History of Sanskrit Literature A.B.Keith.

6. A. New History of Sanskrit Literature - Krishna Chaitanya

M.A.Sem -I

CCT-02 Credit -04

Core Course Total Marks -50

Paper -II

Vaidic Literature (Ved Sanhita)

નિર્ધારિત કૃતિ ઋગ્વેદ નિયતાંશ તથા અથર્વવેદ નિયતાંશ

**ઉદ્દેશ :** સંસ્કૃત સાહિત્યમાં આદ્ય સ્થાન ધરાવતા વેદનો ભાષાકીય અને વિષયવસ્તુગત કરાવવાનું અહીં લક્ષ્ય છે.સંસ્કૃત ભાષાના બે પ્રવાહ છે. વૈદિક સંસ્કૃત અને લૌકિક સંસ્કૃત . તે પૈકી વેદમંત્રોના અભ્યાસથી વૈદિક સંસ્કૃત ભાષાથી વિદ્યાર્થી પરિચિત થશે. વળી ,વૈદિક સાહિત્ય અને લૌકિક સાહિત્યનો પારસ્પરિક સંબંધ પણ વિદ્યાર્થી જાણી શકે, એ હેતુથી આ પાઠયક્રમ વિચારવામાં આવ્યો છે.

યુનિટ ૧. ઋગ્વેદ નિયતાંશ મંડલ ૧ સૂકત ૩૨,૫૦, ૧૧૫,૧૫૪. ૧૩

યુનિટ૨. ઋગ્વેદ નિયતાંશ મંડલ ૭ સૂકત ૧. થી ૬ અને ૧૮ ૧૨

યુનિટ ૩. ઋગ્વેદ નિયતાંશ મંડલ ૭ સૂકત ૩૩,૩૫,૫૦,૫૪,૫૫,૮૩, ૧૩

યુનિટ ૪.અથર્વવેદ નિયતાંશ ૧.૪ આપાં ભેષજ્યસૂકતમ્, ૧.૨૯ રાષ્ટ્ર

સંવર્ધનસૂકતમ્, ૩.૧૨ શાલાનિર્માણસૂકતમ્, ૩.૧૮ વનસ્પતિસૂકતમ્, ૪.૧૬ સત્યાનૃતસમીક્ષકવ્રુણસૂકતમ્ તથા૫.૧૩ સર્પવિષનાશનસૂકતમ્ ૧૨

અભ્યાસક્રમના મુદ્દાઓ : વેદના સંહિતાઓનો પરિચય, નિયત સૂકતોનો

સર્વગ્રાહી અભ્યાસ, તે તે દેવતાઓનું સ્વરૂપ, વૈદિક સૂકતમાં પ્રસ્તુત

દર્શનનો વિમર્શ, વૈદિક ભાષા અને છંદનો પરિચય, પદપાઠ અને સંહિતાપાઠના નિયમો અને વેદની પ્રાથ

નાઓનાવિષયો.

સંદર્ભગ્રંથો :


૧.ઋગ્વેદ પરિચય પ્રો. ગૌતમ પટેલ, અમદાવાદ

૨. ઋગ્વેદ સં.એચ. ડી. વેલણકર, વૈદિક સંશોધન મંડલ, પૂના

૩. વૈદિકસૂકતસંગ્રહ સાયણભાષ્યસહિત સં. પ્રો.વસન્તકુમાર મ. ભટ્ટ

૪.અથર્વવેદભાષ્યમ્ સં. દામોદર સાતવળેકર, પારડી, વલસાડ

૫.વૈદિક સાહિત્ય ઔર સંસ્કૃતિ પ્રો.બલદેવ ઉપાધ્યાય

૬.વૈદિક વ્યાકરણ સં. એમ્.એલબીડી. ,દિલ્લી.

M.A.Sem -I

CCT Credits -04

Core Course Total Marks -50

Paper -III

Indian Philosophy

ભારતીય દર્શન પરિચય

નિર્ધારિત કૃતિ શ્રીપાતંજલયોગદર્શનમ્ નિયતાંશ સાધનપાદ

**ઉદ્દેશ** : ભારતીય દર્શનોમાં યોગદર્શન મહત્ત્વનું છે. તેનો સંબંધ પ્રત્યેક નાના મોટા માનવ સાથે છે.આ યોગ દર્શન ઇહલોક અને પરલોક બંનેમાં સફળતા મેળવવાના ઉપાયો શીખવે છે. આ ઉપાયોને અહીં યોગના અંગ કહેવામાં આવ્યાં છે. આવાં અંગો આઠ છે. આ આઠેય અંગોથી વિદ્યાર્થી પરિચિત થાય અને ભારતીય દર્શનની મહત્તાને સમજતો થાય તેવા ઉદ્દેશ્ય સાથે આ પાઠયક્રમ વિચારવામાં આવ્યું છે

| | |
|---|---|
| યુનિટ૧. શ્રીપાતંજલયોગદર્શન નિયતાંશ સાધનપાદ સૂત્ર ૧ થી ૧૨ સૂત્ર | ૧૩ |
| યુનિટ ૨.શ્રીપાતંજલયોગદર્શનમ્ નિયતાંશ સાધનપાદ સૂત્ર ૧૩ થી ૨૪ સૂત્ર | ૧૨ |
| યુનિટ૩. શ્રીપાતંજલયોગદર્શનમ્ નિયતાંશ સાધનપાદ સૂત્ર ૨૫ થી ૩૪ સુધી | ૧૩ |
| યુનિટ ૪. શ્રીપાતંજલયોગદર્શનમ્ નિયતાંશ સાધનપાદ સૂત્ર૩૫ થી ૫૫ સુધી. | ૧૨. |

અભ્યાસક્રમના મુદ્દાઓ : વૈદિક દર્શનોનો પરિચય, દર્શનશાસ્ત્રમાં યોગદર્શનનું સ્થાન, યોગસૂત્રના રચયિતા, તેમનો સ્થિતિકાળ, યોગના આઠ અંગોનો પરિચય, યોગસૂત્રોનાં અર્થઘટનો, યમાદિનું સ્વરૂપ,ઇશ્વરનું સ્વરૂપ,કલેશ અને વૃત્તિઓનું સ્વરૂપ વગેરે.

સંદર્ભ ગ્રંથ :


૧.યોગદર્શનમ્ ગુજરાત અનુવાદ. સં. સ્વામી સત્યપતિ, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

૨.હિન્દ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ દુર્ગાશંકર શાસ્ત્રી

૩.સાંખ્ય યોગ દર્શન સં.નગીન ભાઇ શાહ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૪.ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા ખંડ ૩ દર્શનયુગગુજ. અનુ. પ્રો. ઇન્દુકલા ઝવેરી, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.

૫.પતંજલિનાં યોગસૂત્રો સં. રામકૃષ્ણ ટી. વ્યાસ,સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગર.

M.A.Sem -I

ECT -01.1 Credit -04

Elective Paper-4(A) Total Marks -50

Sanskrit Poetics

અલંકાર શાસ્ત્ર

નિર્ધારિત કૃતિ આચાર્યભરતકૃત નાટ્યશાસ્ત્ર નિયતાંશ પ્રથમ અધ્યાય ભામહ વિરચિત કાવ્યાલંકાર પ્રથમ પરિચ્છેદ.

ઉદ્દેશ : નાટ્યશાસ્ત્રની પરંપરાનો પરિચય કરાવી ,ભરતના નાટ્યશાસ્ત્રના અભ્યાસ પ્રત્યે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા. સંસ્કૃત સાહિત્યના પ્રમુખ અંગે મનાતા રુપક સાહિત્યના સર્વાંગીણ અભ્યાસ માટે નાટયશાસ્ત્રનું અધ્યયન જરૂરી છે. રંગમંચ અભિનય કળા સાથે અલંકાર શાસ્ત્રના મહત્ત્વપૂર્ણ સંપ્રદાયનો પરિચય પણ આવશ્યક છે.

યુનિટ૧. નાટ્યશાસ્ત્ર પ્રથમ અધ્યાય કારિકા ૧ થી ૨૫ અને ૪૦ થી ૭૫ સુધી ૧૨

યુનિટ ૨.નાટયમંચ સંરક્ષકા, બ્રહમા વિરુપાક્ષ સંવાદ, નાટય સ્વરૂપ, નાટયરચના ઉદ્દેશ , નાટ્યરુપ યજ્ઞ રંગ પૂજન, રંગદૈવતપૂજન મહત્ત્વ નાટયોત્પત્તિ વિષયક ભરતના વિચારો, સૂચિતાવેદ, નાટયસ્વરૂપ લક્ષણ ૧૩

યુનિટ૩. ભામહ વિરચિત કાવ્યાલંકાર પ્રથમ પરિચ્છેદ ૧ થી ૩૦ કારિકા ૧૨.

યુનિટ૪. રીતિ અનુસાર કાવ્યનું વર્ગીકરણ, કાવ્યનું સૌંદર્ય, કાવ્યદોષ, ભાષાગત દોષ નિવારણ, શબ્દ વિવેક, ભામહનું અલંકારક્ષેત્રે પ્રદાન કાવ્યાલંકાર ગ્રંથ પરિચય. ૧૩.

**અભ્યાસક્રમના મુદ્દા** : નાટયોત્પત્તિ દ્વારા ભરતે રજૂ કરેલ નાટ્યસ્વરૂપ લક્ષણ,નાટયોત્પત્તિ અંગેના વિવિધ મતો સાથે ભરતનો મત, નાટ્ય ગૃહના સંરક્ષકો,દોષો,વિરુપાક્ષને બ્રહમાએ આપેલ સમજ ,નાટ્યની વિશેષતા,નાટ્ય લક્ષણ, રંગદેવતા પૂજન, માહાત્મ્ય,નાટ્યવેદ રચનાનો ઉદ્દેશ, સંસ્કૃત નાટ્યશાસ્ત્રીય પરંપરા, પરિચયાત્મક ઇતિહાસ, નાટયસમૂહને સ્પર્શતા વિષયો,નાટ્યશાસ્ત્ર અને ભરતનું પ્રદાન તથા રીતિ અનુસાર કાવ્યનું વર્ગીકરણ વગેરે,યુનિટ ૨ ના મુદ્દાઓ ઉપરાંત કાવ્યની વ્યાખ્યા, પ્રયોજન, કવિ પ્રશસ્તિ, કવિ પ્રતિભા, મહિમા, રીતિ, વસ્તુ અનુસાર કાવ્યનું વર્ગીકરણ,કાવ્યમાં અદોષતા.

સંદર્ભ ગ્રંથ :


૧. નાટયશાસ્ત્ર ગુજરાતી અનુવાદ સં. તપસ્વી નાન્દી, અમદાવાદ

૨.નાટયશાસ્ત્ર સં. ડૉ.એન. પી. ઉન્ની

૩.નાટ્યશાસ્ત્રનો ઇતિહાસ ડૉ. પારસનાથ દ્વિવેદી, ચૌખમ્બા ,વારાણસી.

૪.કાવ્યાલંકાર સં. ડૉ. રમેશ મ. શુકલ પાર્શ્વપ્રકાશન અમદાવાદ

૫.દશરૂપક સં. ભોલાશંકર વ્યાસ, ચૌખમ્બા, વારાણસી

M.A.Sem -I

ECT -01-2 Credit-04

Elective Paper-4B Total Marks-50

Vedant Philosophy

વેદાન્તશાસ્ત્ર

નિર્ધારિત કૃતિ બ્રહમસૂત્રશાંકરભાષ્ય નિયતાંશ સ્મૃતિપાદ અનેઆત્મબોધ

**ઉદ્દેશ**: ભારતની દર્શન તત્ત્વજ્ઞાનની પરંપરાનો પરિચય કરાવવો. તત્ત્વ જ્ઞાનની પરંપરાના આદિગુરુ આચાર્ય શંકરાચાર્યના સિદ્ધાંન્તોનો પરિચય કરાવવાનું લક્ષ્ય છે. એ સાથે સૂક્ષ્મ એવું તત્ત્વજ્ઞાનનું જે રીતે સરળ ભાષામાં અને પદ્યશૈલીમાં રજૂ કરવામાં આવ્યું છે, તેનો પણ વિદ્યાર્થીઓને પરિચય થાય,તે ઉદ્દેશ છે.

| | |
|---|---|
| યુનિટ ૧. બ્રહમસૂત્રશાંકરભાષ્ય નિયતાંશ સ્મૃતિપાદ અધિકરણ ૧ થી ૬ સુધી | ૧૩ |
| યુનિટ ૨. બ્રહમસૂત્રશાંકરભાષ્ય નિયતાંશ સ્મૃતિપાદ ,અધિકરણ ૭ થી ૧૩ સુધી. | ૧૨ |
| યુનિટ ૩. આત્મબોધ શ્લોક ૧ થી ૪૩ | ૧૩ |
| યુનિટ ૪. આત્મબોધ શ્લોક ૪૪ થી ૬૮ | ૧૨ |

**અભ્યાસક્રમના મુદ્દાઓ**:

બ્રહમસૂત્રની રચના અને તેમનું સ્વરૂપ, બ્રહમસૂત્ર ઉપરનાં ભાષ્યો, તેમાં આવતાં અધિકરણોનાં લક્ષણો, બ્રહમસૂત્રનું અનુબંધ ચતુષ્ટય, શાંકરવેદાંતના પ્રમુખ સિદ્ધાંતો, સ્મૃતિપાદનું વિષયવસ્તુ, આત્મબોધ શીર્ષક, અનુબંધ ચતુષ્ટય આત્મબોધ પ્રેરણાસ્ત્રોત, વ્યાખ્યા,તાત્પર્યલિંગ, સાધનચતુષ્ટય, ગુરુમાહાત્મ્ય, મોક્ષવિચાર, અધ્યાસ, સદ્યમુકિત વિદેહમુકિત, વિવેકીનું સ્વરૂપ , તત્ ત્વમ્નું અભેદચિંતન.

M.A.Sem-I

ECT-01-3 Credit-04

Elective Paper -4C Total Marks- 50

## Dharmashastra

ધર્મશાસ્ત્ર

### નિર્ધારિત કૃતિ મનુસ્મૃતિ નિયતાંશ અધ્યાય ૭

**ઉદ્દેશ:** ભારતીય પ્રાચીન ધર્મશાસ્ત્ર તરીકે પ્રસિદ્ધ સ્મૃતિગ્રંથોમાં મનુસ્મૃતિનું પ્રમુખ સ્થાન છે. તેમાં રાજનીતિશાસ્ત્રનો પણ સમાવેશ થાય છે. અહીં મનુસ્મૃતિના રાજનીતિશાસ્ત્ર વિષયક મતોનો વિદ્યાર્થીને પરિચય થાય તથા વર્તમાન સમયમાં તે વિચારોની ઉપયોગીતા સમજીને રાષ્ટ્રનિર્માણના કાર્યમાં તેનો લાભ લઈ શકે એ હેતુથી આ પાઠયક્રમ વિચારાયો છે. આથી પ્રાચીન ભારતીય રાજનીતિ અને રાજ્યકાર્યપદ્ધતિથી પણ વિદ્યાર્થી પરિચિત થશે.

યુનિટ ૧. સ્મૃતિશાસ્ત્રનો પરિચય સ્મૃતિઓ અને ધર્મશાસ્ત્રમાં તેમનું સ્થાન, મનુસ્મૃતિના વિષય વસ્તુનો પરિચય, મનુસ્મૃતિના ટીકાકારો અને મનુસ્મૃતિની ઉપયોગીતા (૧૩)

યુનિટ ૨. મનુસ્મૃતિ નિયતાંશ અધ્યાય ૭ શ્લોક ૧થી ૬૮ (૧૨)

યુનિટ ૩. મનુસ્મૃતિ નિયતાંશ અધ્યાય ૭ શ્લોક ૬૯ થી ૧૫૭ (૧૩)

યુનિટ ૪. મનુસ્મૃતિ નિયતાંશ અધ્યાય ૭ શ્લોક ૧૫૮ થી ૨૨૬ (૧૨)

**અભ્યાસક્રમના મુદ્દાઓ:** સ્મૃતિશાસ્ત્રનો પરિચય, સ્મૃતિઓનું ધર્મશાસ્ત્રમાં સ્થાન, મનુસ્મૃતિના કર્તાનો તથા વિષયવસ્તુનો પરિચય, મનુસ્મૃતિના ટીકાકારોનો પરિચય, મનુસ્મૃતિની ઉપયોગીતા, મનુસ્મૃતિમાં રાજધર્મ, રાજ્યના સાત અંગો, રાજાની દિનચર્યા, રાજાનો અનુજીવી વર્ગ અમાત્યો,દુર્ગ, ચતુર્વિધ ઉપાયોનું સ્વરૂપ અને તેમના ઉપયોગની અવસ્થા રાજતંત્રની વ્યવસ્થા ઇત્યાદિ.

### સંદર્ભ ગ્રંથો:

૧. મનુસ્મૃતિ સં.નાથુભાઇ ડોડિયા, ભરુચ સંક્ષિપ્ત સંસ્કરણ

૨. મનુસ્મૃતિ સમિતાક્ષરા

૩. ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ પાંચ ભાગ લે. પી.વી. કાણે.

M.A.Sem-I

FCT- 01.3 (Paper 5) Credit- 04

Inter/ Multi Disciplinary Course Total Marks- 50

Puran &Itihas (history )

**પુરાણ અને ઈતિહાસ**

**નિર્ધારિત કૃતિ મત્સ્યપુરાણમ્ નિયતાંશ**

**ઉદ્દેશ :** સંસ્કૃતસાહિત્યની દૃષ્ટિએ પુરાણ અને ઇતિહાસનો વિદ્યાર્થીને પરિચય પ્રાપ્ત થાય, ઇતિહાસ અને ધર્મ શાસ્ત્ર વચ્ચેનું અન્તર કરવાની દૃષ્ટિ વિકસિત થાય, તથા પુરાણગત પ્રસંગોમાં નિહિત વિવિધ અર્થઘટનોથી વિદ્યાર્થી પરિચિત બને તે માટે આ પાઠયક્રમ વિચારાયો છે. આથી પ્રાચીન ભારતીય ઇતિહાસ અને પૌરાણિક ધર્મશાસ્ત્રનો વિદ્યાર્થી સુપેરે પરિચિત થઇ શકશે.

યુનિટ ૧. મત્સ્યપુરાણ નિયતાંશ અ. ૧ થી ૧૬ અનુવાદ, સમજૂતી સાથે (૧૩)

યુનિટ ૨ . મત્સ્યપુરાણ નિયતાંશ અ. ૨૩ અને ૨૪ (૧૨)

યુનિટ ૩. મત્સ્યપુરાણ નિયતાંશ અ. ૪૫ થી ૪૭ (૧૩)

યુનિટ ૪. મત્સ્યપુરાણ નિયતાંશ અ. ૫૩ (૧૨)

**અભ્યાસક્રમના મુદ્દાઓ :** પુરાણસાહિત્યનો પરિચય, પુરાણના વિષયો, પુરાણ ધર્મશાસ્ત્ર તરીકે ઇતિહાસ અને રચનકાળ, પુરાણનાં પાંચ લક્ષણો,મહાપુરાણનાં દશ લક્ષણો, મત્સ્યપુરાણનો રચનાકાળ, વિષયવસ્ત પુરાણસાહિત્યમાં તેનું સ્થાન, તથાનિયતાંશ મત્સ્યપુરાણમાં આવતા પ્રસંગો અને તેમનાઅર્થઘટનો.

**સંદર્ભગ્રંથો :**


૧. પુરાણ વિમર્શ લે. બલદેવ ઉપાધ્યાય

૨. મત્સ્યપુરાણ ડૉ. કમલેશ ચોકસી, સરસ્વતી પ્રકાશન, અમદાવાદ

વીર  નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના - મગદલ્લા રોડ, સુરત- 395007

એમ. એ. સંસ્કૃત રેગ્યુલર

CBCS પ્રમાણેનો

સેમીસ્ટર 1 અને 3 નો અભ્યાસક્રમ (પાઠ્યક્રમ)

(શૈક્ષણિક વર્ષ  2019 – 2020  થી અમલમાં)

M.A. Sem-III

પેપર – ૧૧

સંસ્કૃત લલિત સાહિત્ય (ગદ્યકાવ્ય)

SANSKRIT CLASSICAL LITERATURE (PROSE)

CCT – 07 CREDIT – 04

CORE COURSE કુલ ગુણ ૫૦

निर्धारित कृति – हर्षचरितम् ( नियतांश: )

ઉદ્દેશ - સંસ્કૃત ગદ્યકાવ્યોના ઉદ્ભવ અને વિકાસથી વિદ્યાર્થીઓને પરિચિત કરાવી સંસ્કૃત ગદ્યકાવ્યની વિશેષતા અને તે દ્વારા અલંકૃત સંસ્કૃત ભાષાનું સઘન શિક્ષણ આપવાના ઉદ્દેશ સાથે આ પાઠ્યક્રમની પરિકલ્પના કરવામાં આવી છે.

| | | |
|---|---|---|
| UNIT – 1 | हर्षचरितम् ( नियतांश: - કૃતિ કર્તા સાથે અને ગ્રંથનો પ્રસ્તાવના ભાગ ) | 13 |
| UNIT – 2 | हर्षचरितम् ( नियतांश: ) પૂર્વસૂરિવંદના તથા ૧ થી ૬ પરિચ્છેદ (अनुवाद तथा संदर्भ) | 12 |
| UNIT – 3 | हर्षचरितम् ( नियतांश: ) ૭ થી ૧૭ પરિચ્છેદ (अनुवाद तथा संदर्भ) | 13 |
| UNIT – 4 | हर्षचरितम् ( नियतांश: ) ૧૮ થી ૨૭ પરિચ્છેદ (अनुवाद तथा संदर्भ) | 12 |

**અભ્યાસક્રમના મુદ્દાઓ -** ગદ્યકાવ્યની ઉત્પત્તિ અને વિકાસ, ગદ્યકાવ્યના પ્રકારો અને તેમના લક્ષણ , હર્ષચરિતનો કાવ્ય પ્રકાર , ભાષા, શૈલી , હર્ષચરિતમાં પ્રયુક્ત અલંકારો, રસયોજના, નિયત પરિચ્છેદોનો અનુવાદ અને સંદર્ભ , બાણની અન્યકૃતિઓનો પરિચય , સ્થિતિકાળ વગેરે.

-- સંદર્ભ ગ્રન્થ --

1. हर्षचरितम् - सं. पी. वि. काणे , मोतीलाल बनारसीदास , दिल्ली
2. हर्षचरितम् ( ગુજરાતી અનુવાદ સાથે ) સં. વસન્તકુમાર મ. ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ
3. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ (ગદ્યકાવ્ય ભાગ) - લે અમૃત ઉપાધ્યાય, યુનિ. ગ્રન્થ નિર્માણ બોર્ડ
4. બાણભટ્ટ - સં. વિજય પંડ્યા, સાહિત્ય અકાદમી , નવી દિલ્લી

M.A. Sem-III

પેપર ૧૨

વેદાંગ સાહિત્ય (નિરુક્ત)

VEDANG LITREATURE (NIRUKTA)

CCT – 07 CREDIT – 04

CORE COURSE કુલ ગુણ ૫૦

निर्धारित कृति - यास्कीयम् निरुक्तम्(नियतांश:)

ઉદ્દેશ - વેદના અર્થઘટન માટે ઉપયોગી નિરુક્ત શાસ્ત્ર સંસ્કૃત સાહિત્યની અનુપમ દેન છે. કયું નામ કોના માટે વપરાય છે અને તેની પાછળનું કારણ શું છે, તે અહીં વિચારાયું છે આ નિરુક્ત શાસ્ત્રનો વિદ્યાર્થીને પરિચય થાય અને તે દ્વારા લૌકિક સંસ્કૃતમાં વપરાતા નામપદોનું નિવર્તન કરતા શીખે તે ઉદ્દેશ અહીં પાઠ્યક્રમમાં રાખ્યો છે.

UNIT – 1 निरुक्तम्(नियतांश:) प्रथमाध्याय: (प्रारम्भतः निपातार्थपर्यन्तम्) 13

UNIT – 2 निरुक्तम्(नियतांश:) प्रथमाध्याय: (तत्र नामानि आख्यातजानि .. इत्यतः अध्यायस्य समप्तिपर्यन्त्म्) 12

UNIT – 3 निरुक्तम्(नियतांश:) द्वितीयाध्यायस्य प्रथमपादः (निर्वचनना सिद्धान्तो) 13

UNIT – 4 निरुक्तम्(नियतांश:) द्वितीयाध्याय: (अथातोनिक्रमिष्यामः | गोः इति पृथिव्या: नामधेयम् | ... इत्यतः अध्ययस्य समप्तिपर्यन्तम् - આ ભાગમાંથી માત્ર નિર્વચન જ ભણવાના છે.) 12

અભ્યાસક્રમના મુદ્દાઓ - વેદાંગ સાહિત્યનો પરિચય , નિઘટુંનો પરિચય , યાસ્કના મતે પદોના પ્રકારો, આખ્યાત લક્ષણ , નામ લક્ષણ , ઉપસર્ગોનું વાચકત્વ કે ધોતકત્વ, નિપાતના અર્થ, કર્મોપસંગ્રહનો અર્થ , નામોનું આખ્યાતજત્વ, નિરુક્તનાં પ્રયોજનો, મન્ત્રનર્થકયવાદ, ષડભાવવિકારો, નિર્વચનનાં સિદ્ધાંતો અને વિવિધ નિર્વચનો - ઈત્યાદિ.

-- સંદર્ભ ગ્રન્થ –


1. निरुक्तम् (दुर्गवृतिसहितम् - सं. प्रो. वसन्तकुमार म. भट्ट् सरस्वती पुस्तक भंडार, अमदावाद ).
2. નિઘંટું અને નિરુક્ત - સં. પ્રો. એ. ડી. શાસ્ત્રી અને પ્રો. રાજેન્દ્ર નાણાવટી..
3. निरुक्तम् – सं. वी. के. रजवाडे, आनन्दाश्रम ग्रन्थावली, पूना.
4. निरुक्तम् - सं. आचार्य विश्वेश्वर , काशी.
5. निरुक्तमीमांसा - प्रो. शिवनारायण शास्त्री.
6. Etymologies of yaska – by siddheshwar varma, vvir, Hoshiyarpur.

M.A. Sem-III

પેપર ૧૩

અભિલેખવિદ્યા – શિલાલેખ

ABHILEKHVIDHYA – EPIGRAPHY

CCT – 09 CREDIT – 04

CORE COURSE કુલ ગુણ ૫૦

निर्धारित कृति - (જૂનાગઢ સ્થિત) स्कंदगुप्त तथा रुद्रादामन ना शिललेखो

ઉદ્દેશ - અભિલેખ શું છે, તે ભારતીય પ્રાચીન ઇતિહાસની જાણકારી માટે કેવી રીતે ઉપયોગી બને છે, અભિલેખો દ્વારા કેવી રીતે હજારો વર્ષનો ઇતિહાસ સુરક્ષિત કરવાનો પ્રયત્ન કરવામાં આવતો હતો ઇત્યાદિ બાબતોની સાથે અભિલેખોના ભાષાકીય, સાંસ્કૃતિક, રાજકીય અને ઐતિહાસિક અધ્યયનની રીતિનું વિદ્યાર્થી જ્ઞાન મેળવી શકે તેવો અહીં ઉદ્દેશ રખાયો છે.

| | |
|---|---|
| UNIT – 1 અભિલેખવિદ્યા - શિલાલેખનો પરિચય | 13 |
| UNIT – 2 स्कंदगुप्त तथा रुद्रदामन् ना शिलालेखो(અનુવાદ) | 12 |
| UNIT 3- स्कंदगुप्त नो शिलालेख (ઐતિહાસિક, રાજકીય અને સાંસ્કૃતિક અભ્યાસ ) | 13 |
| UNIT 4- रुद्रदामन् नो शिलालेख (ઐતિહાસિક, રાજકીય અને સાંસ્કૃતિક અભ્યાસ ) | 12 |

અભ્યાસક્રમના મુદ્દાઓ - અભિલેખનું સ્વરૂપ, અભિલેખોનું મહત્વ, અભિલેખોની ભાષા અને લિપિ, નિર્માણરીતિ, અભિલેખોમાં નિહિત ઇતિહાસ, સામાજિક પરિસ્થિતિ અને રાજકીય સ્થિતિ અને અભિલેખોના લખાણના વાંચનની રીતિ, લેખના અર્થઘટનની પદ્ધતિ, અભિલેખના આધારભૂત દ્રવ્ય ( પત્થર અને તામ્રપત્ર, મુદ્રાઓ આદિ ) - વગેરે.

-- સંદર્ભ ગ્રન્થ –

1. સ્કંદગુપ્તનો શિલાલેખ ( ગુજરાતી અનુવાદ) સં ડો. ભારતીબહેન શેલત, સરસ્વતી પુ . ભંડાર, અમદાવાદ

2. રુદ્રદમન નો શૈલલેખ ( ગુજરાતી અનુવાદ) સં ડો. ભારતીબહેન શેલત, સરસ્વતી પુ . ભંડાર, અમદાવાદ

3. प्राचीन भारतीय अभिलेख - सं. पं. गौरीशंकर ओझा, चौखम्बा, वाराणसी

4. અભિલેખ વિદ્યા - લે. પ્રો. હરિપ્રસાદ શાસ્ત્રી, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

5. selection from Sanskrit inscriptions – by D. B. , New Delhi , 1977

M.A. Sem-III

પેપર ૧૪ (એ)

અલંકાર શાસ્ત્ર

SANSKRIT POETICS

ECT – 03.01 CREDIT – 04

ELECTIVE PAPER કુલ ગુણ ૫૦

निर्धारित कृति - ध्वन्यालोक: (नियतांशः) तथा काव्यंमीमांसा (नियतांशः)

ઉદ્દેશ - સસકૃત કાવ્યશાસ્ત્રીય પરંપરાનો પરિચય કરાવી અલંકારશાસ્ત્રના અભ્યાસ તરફ વિદ્યાર્થીઓને પ્રેરિત કરવાનો અહીં ઉદ્દેશ્ય છે. સસકૃતસાહિત્યમાં અલંકારશાસ્ત્રના અનેક સંપ્રદાયો છે. તે બધાનો પરિચય થાય અને તેમાં પ્રમુખ એવા ધ્વનિત્વથી વિદ્યાર્થી પરિચિત બને તે માટે આ પાઠ્યક્રમ વિચારવામાં આવ્યો છે. વળી કાવ્યપુરૂષની કલ્પના કરીને જે રીતે કાવ્યની મીમાંસા કરવામાં આવી છે, તેની જાણકારી થાય, એ પણ અહીં લક્ષ્યમાં રાખ્યું છે.

UNIT – 1 ध्वन्यालोक: (नियतांशः) प्रथमोधोतस्य कारिका १ तः २० 13

UNIT – 2 ध्वन्यालोक: (नियतांशः) प्रथमोधोतस्य कारिका २१ तः ५२ 12

UNIT – 3 काव्यंमीमांसा (नियतांशः) अध्यायः ३ काव्यपुरुषोत्पति: 13

UNIT – 4 काव्यंमीमांसा (नियतांशः) अध्यायः ५ व्युत्पति-कविपाका: 12

**અભ્યાસક્રમના મુદ્દાઓ** - અલંકારશાસ્ત્રનો પરિચય, અલંકારશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસ, અલંકારશાસ્ત્રના પ્રસિદ્ધ આચાર્યો અને તેમની કૃતિઓ, વિવિધ સંપ્રદાયો, આનન્દવર્ધનની વિશેષતા, ધ્વનિવાદનો પરિચય, ધ્વનિવાદના પ્રેરક તરીકે વૈયાકરણો, ધ્વન્યાલોકની નિયત કારિકાઓનો વિમર્શ, કાવ્યમીમાંસાનું વિષયવસ્તુ, રાજશેખરની અન્ય કૃતિઓ, કાવ્યપુરૂષની ઉત્પત્તિને લગતા વિવિધ વિષયો, વ્યુત્પત્તિની વ્યાખ્યા અને કવિપત્ની વિચારણા વગેરે.

## --સંદર્ભ ગ્રંથ --


1. भारतीय कव्यशाष्त्र कि भूमिका - ले. डो. नागेन्द्र, दिल्ली
2. ध्वन्यालोकः (ગુજરાતી અનુવાદ વિવરણ સાથે) સં. પ્રો. તપસ્વી નાંદી, સરસ્વતી પ્રકાશન, અમદાવાદ.
3. કાવ્યમીમાંસા (ગુજરાતી અનુવાદ ) - પ્રો. હર્ષદેવ માધવ, રમેશ શુક્લ, પાર્શ્વપ્રકાશન , અમદાવાદ.
4. કાવ્યમીમાંસા - પ્રો. રસિકલાલ ત્રિપાઠી, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
5. काव्यमीमान्सा - प्राच्यविद्यामन्दिर, वडोदरा.
6. History of Sanskrit Poetics- by S. K. De.

M.A. Sem-III

પેપર ૧૪ (બી)

વેદાંતશાસ્ત્ર

VEDANT PHILOSOPHY

ECT – 03.02 Credits - 04

ELECTIVE PAPER TOTAL MARKS - 50

निर्धारित कृति - श्रीरामानुजाचार्यकृतं ब्रह्मसूत्रश्रीभाष्यम् ( नियतान्शः)

ઉદ્દેશ - ભારતની ભવ્ય દર્શન - તત્વજ્ઞાનની પરંપરાનો પરિચય કરાવવો, તત્વજ્ઞાનની પરંપરાનો એક મહત્વના આચાર્ય શ્રી રામાનુજના સિદ્ધાંતોનો પરિચય કરાવવાનું લક્ષ્ય છે. એ સાથે અન્ય આચાર્યોના તાત્વિક વિચારોનો તુલનાત્મક અભ્યાસ કરે અને તે આવા પ્રકારના તુલનાત્મક અભ્યાસ તરફ પ્રેરાય એવું પણ અહીં લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

Unit – 1 ब्रह्मसूत्रश्रीभाष्यम् ( नियतान्शः) 1.1.1. परिच्छेद् 1, 2, 7, 10 (चार परिच्छेद्) 13

Unit - 2 ब्रह्मसूत्रश्रीभाष्यम् ( नियतान्शः) 1.1.1. परिच्छेद् 12, 16, 18, 21 (चार परिच्छेद्) 12

Unit – 3 ब्रह्मसूत्रश्रीभाष्यम् ( नियतान्शः) 1.1.1. परिच्छेद् 28, 29, 48, 58 (चार परिच्छेद्) 13

Unit – 4 ब्रह्मसूत्रश्रीभाष्यम् ( नियतान्शः) 1.1.1. परिच्छेद् 67, 68, 75, 84 (चार परिच्छेद्) 12

**અભ્યાસક્રમના મુદ્દાઓ** - બ્રહ્મસુત્રની રચના અને તેમનું સ્વરુપ, બ્રહ્મસૂત્ર ઉપરનાં ભાષ્યો, તેમાં આવતાં અધિકરણોના લક્ષણો, બ્રહ્મસૂત્રનું અનુબંધ ચતુષ્ટય, રામાનુજાચાર્યના પ્રમુખ સિદ્ધાંતો, સ્મ્રુતિપાદનું વિષયવસ્તુ, શંકરાચાર્ય અને અન્ય આચાર્યોના મતો સાથે તુલના - સમીક્ષા, રામાનુજાચાર્યનું મહત્વ, તેમનું પ્રદાન, નિયતઅંશના ભાષ્યનું અર્થઘટન, સંદર્ભે અને સમીક્ષા - ઇત્યાદિ.

## -- સંદર્ભ ગ્રંથ--


1. શ્રીભાષ્ય (ગુજરાતી અનુવાદ) સં. ગૌતમ પટેલ, સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.
2. श्रीभाष्यं - सं सुदर्शन व्यास, भारतीय विद्या प्रकाशन, दिल्ली.
3. THE BRAHMASUTRAM, by – S. Radhakrishnan, London.
4. History of Ramanujacharya – by K.D. Bhardvaja.

M.A. Sem-III

પેપર - ૧૪ (સી)

ધર્મશાસ્ત્ર

DHARMASHASHTRA

ECT - 03.03 Credits-04

ELECTIVE PAPER TOTAL MARKS-50

निर्धारित कृति - गौतमधर्मसूत्र (नियतान्शः) प्रथम-द्वितियप्रश्नौ

ઉદ્દેશ - ભારતીય પ્રાચીન ધર્મશાસ્ત્રમાં પ્રથમ સૂત્ર ગ્રંથો આવે છે અને તે પછી પદ્યગ્રંથો આવે છે. આ બંને પ્રકારનાં ધર્મશાસ્ત્રીય ગ્રંથોનો અભ્યાસ આવશ્યક છે. સ્મૃતિગ્રંથોમાં જેમ મનુસ્મૃતિનું પ્રમુખ સ્થાન છે, તેમ સૂત્રગ્રંથોમાં ગૌતમધર્મસૂત્રનું મહત્વપૂર્ણ સ્થાન છે. અહીં જે વિષયોનો સંગ્રહ થયો છે, તેનાથી વિદ્યાર્થીઓ પરિચિત થાય અને સૂત્રશૈલીની ખૂબીઓને પણ જાણે એ ઉદ્દેશ્યની પુર્તિ માટે આ પાઠ્યક્રમ વિચારાયો છે.

Unit – 1 સુત્ર શૈલીમાં રચાયેલા ધર્મશાસ્ત્રીય ગ્રંથોનો પરિચય (કર્તા, સમય અને વિષયવસ્તુ)

तथा गौतमधर्मसूत्र ( नियतान्शः) प्रथमप्रश्नान्तर्गतानि 1 तः 6 सूत्राणि 13

Unit – 2 गौतमधर्मसूत्र ( नियतान्शः) प्रथमप्रश्नान्तर्गतानि 7 तः 36 पर्यन्तानि सूत्राणि 12

Unit – 3 गौतमधर्मसूत्र ( नियतान्शः) प्रथमप्रश्नान्तर्गतानि 37 तः 66 पर्यन्तानि सूत्राणि 13

Unit – 4 गौतमधर्सूत्र ( नियतान्शः) द्वितीयप्रश्नान्तर्गतानि 1 तः 31 सूत्राणि 12

**અભ્યાસક્રમના મુદ્દાઓ** - ધર્મશાસ્ત્રીય સૂત્રગ્રંથોનો પરિચય, તેમાં સમાવિષ્ટ વિષયવસ્તુનો પરિચય, સૂત્રગ્રંથોનું કર્તુત્વ અને કાળ, સ્મૃતિગ્રંથો ઉપર તેમની અસર, ગૌતમધર્મસૂત્રના નિયત સૂત્રોનું અર્થઘટન અને પરિશીલન, તેમાં સમાવિષ્ટ પારિભાષિક શબ્દોનું વિવરણ - ઇત્યાદિ.

## -- સંદર્ભ ગ્રંથ--


1. ગૌતમધર્મસૂત્ર (ગુજરાતી અનુવાદ) સં. દશરથભાઈ વેદિયા, અમદાવાદ.
2. गौतमधर्मसूत्र (मस्करिभाष्यसहितं) - सं. डो. वेदमित्र, नईदिल्ली.
3. धर्मशाष्त्र का इतिहास - पी. वी. काणे
4. धर्मसूत्रकालीन भारत, प्रका. राष्ट्रीय प्रकाशन , नई दिल्ली.

# M.A. Sem-III

## પેપર – ૧૫

## પુરાણ અને ઈતિહાસ

## PURAN & ITIHAS (HISTORY)

ICT – 02 Credits – 04

INTER /MULTI DISCIPLINARY COURSE – 2 TOTAL MARKS – 50

निर्धारित कृति - कौटिल्य-अर्थशास्त्रम् (नियतान्शः)

ઉદ્દેશ- પ્રાચીન ભારતીય સંસ્કૃત સાહિત્યમાં અર્થશાસ્ત્રનો આશય રાજનીતિવિષયક છે. આવા ગ્રંથોમાં કૌટિલ્ય રચિત અર્થશાસ્ત્ર મહત્વનું છે. પૂર્વાચાર્યોના મતોનાં સંગ્રહની સાથે પોતાના પુખ્ત મતોથી સમૃદ્ધ આ અર્થશાસ્ત્રનો અભ્યાસ ધર્મશાસ્ત્ર અને ઈતિહાસ ના વિદ્યાર્થીએ કરવો જ જોઈએ, એવા વિદ્‌વાનમાન્ય મતને અનુસરીને આ પાઠ્યક્રમ વિચારવામાં આવ્યો છે.

Unit – 1 कौटिल्य-अर्थशास्त्रम् નો પરિચય (કર્તા, સમય અને વિષયવસ્તુ, આંતરિક પ્રકરણો અને ગ્રંથનું મહત્વ) 13

Unit – 2 कौटिल्य-अर्थशास्त्रम् (नियतान्शः) अध्याय 1 तः 5 पर्यन्तम्. 12

Unit – 3 कौटिल्य-अर्थशास्त्रम् (नियतान्शः) अध्याय 6 तः 10 पर्यन्तम्. 13

Unit – 4 कौटिल्य-अर्थशास्त्रम् (नियतान्शः) अध्याय 11 तः 15 पर्यन्तम्. 12

**અભ્યાસક્રમ ના મુદ્દાઓ** - અર્થશાસ્ત્રનો પરિચય, તેમાં સમાવિષ્ટ વિષયો, અર્થશાસ્ત્ર એક રાજનીતિશાસ્ત્ર તરીકે, અર્થશાસ્ત્રનો ઈતિહાસ, મહાભારતાદિની સાથે તેનો સંબંધ, અર્થશાસ્ત્રના કર્તા અને તેનો રચનાકાળ, કૌટિલ્ય અર્થશાસ્ત્રના તે તે અધ્યાયોમાં આવતા આચાર્યો, વિષયો, વિવિધ મતોનું તુલનાત્મક અને સમીક્ષાત્મક અધ્યયન, નિયતાંશનો અનુવાદ તથા વિવરણ.

## --સંદર્ભ ગ્રંથ--


1. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર (ગુજરાતી અનુવાદ) - પ્રો. બંસીધર ઉપાધ્યાય, અમદાવાદ.
2. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર (ગુજરાતી) - સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.
3. कौटिल्यकृतम अर्थशास्त्रम् - सं. प्रो. आर. पी. कान्गले, मोतीलाल बनारसीदास, दिल्ली.
4. धर्मशाष्त्र का इतिहास – पी. वी. काणे.
5. कौटिल्य-अर्थशास्त्रम् - सं. टी. गणपति शास्त्री (सटीकम्).